# શહેરમાં હવે મોંઘા શ્વાનની પણ ચોરી થવા લાગી

## સે. ૭માં રહેતા એડવોકેટનું કૉકર સ્પેનીયલ ડૉગ ચોરી થઈ જતા પોલીસ ફરીયાદ

ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગર શહેરમાં વાહનચોરી, મોબાઈલ ચોરી, કેબલ ચોરી, ઘરફોડ ચોરી કરતી ગેંગની વચ્ચે હવે કિંમતી પાલતુ ડૉગ ચોરતી ગેંગનો પણ સમાવેશ થઈ ગયો છે. છેલ્લા છ મહિનામાં કિંમતી ડૉગ ચોરી થવાના ગાંધીનગર શહેરમાં ચારેક બનાવો બનવા પામ્યા છે. આજે સે. ૭માંથી એક એડવોકેટનું ડૉગ ચોરી થઈ જવાની ઘટના પ્રકાશમાં આવી છે. સે. ૭ પોલીસ મથકમાં તેમણે જાણવા જોગ નોંધાવી છે.



મળતી માહિતી મુજબ શહેરના સેક્ટર-૭-ડી પ્લોટ નં. ૧૨૩૭/૨ ખાતે રહેતા એડવોકેટ જીગ્નેશ જોષીનો કૉકર સ્પેનીયલ જાતીનો ડૉગ આજે સવારના અરસામાં કોઈ શખ્સ ચોરી કરીને સરકી ગયો હતો. છેલ્લા સાતેક વર્ષથી ઘરના સભ્યની જેમ રાખવામાં આવતા બ્લેક કલરના આ ડૉગનું તાજેતરમાં જ પથરીનું ઓપરેશન કરાવવામાં આવ્યું હતું અને દવા ચાલી રહી હતી. આજે સવારે કોઈ શખ્સ કૉકર સ્પેનીયલ ડૉગની ચોરી કરી જતાં એડવોકેટ જીગ્નેશ જોષીએ સેક્ટર-૭ પોલીસમથકમાં જાણવા જોગ અરજી કરી છે.

# તારાપુરની નર્સરીમાંથી દારુની ૨૦ બોટલો ઝડપાઈ

## ૬ હજારની બોટલો સાથે એક શખ્સની ધરપકડ

ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગર નજીક સ્થિત તારાપુર ગામમાં આવેલી નર્સરીમાં વિદેશી દારૂની બોટલો પડી હોવાની બાતમીને આધારે અડાલજ પોલીસે દરોડો પાડીને ૨૦ વિદેશી દારૂની બોટલો કબ્જે કરી છે. રૂ. ૬ હજારની કિંમતનો દારૂ પોલીસે જપ્ત કરીને એક આરોપીની ધરપકડ કરી લીધી છે તેની સઘન પુછપરછ શરુ કરવામાં આવી છે.

તારાપુરના પ્લાન્ટ વર્લ્ડ ફાર્મ એન્ડ નર્સરી ખાતે વિદેશી દારુ પડયો હોવાની બાતમી અડાલજ પોલીસને મળતા ટીમ બાતમીવાળા સ્થળે પહોંચી ગઈ હતી અને આજે બપોરે દરોડો પાડીને નર્સરીમાંથી ૨૦ નંગ વિદેશી દારુની બોટલો ઝડપી પાડી છે. ૨૦ બોટલ સાથે પ્રવિણ પાંચાભાઈ પટોલીયા નામના શખ્સની ધરપકડ કરીને અડાલજ પોલીસે તેની સામે પ્રોહીબીશન નો ગુનો દાખલ કરી તેની ઝીણવટભરી પુછપરછ શરુ કરવામાં આવી છે.

# પેથાપુર પોલીસ સ્ટેશનમાં પડેલા વાહનોની જાહેર હરાજી

## બિનવારસી જપ્ત કરેલ એક ગાડી, લ્યુના અને ૨૦ સાયકલોની ૨૬મીએ હરાજી થશે

ગાંધીનગર, તા. ૨૨

પેથાપુર પોલીસ સ્ટેશનની હદ વિસ્તારમાંથી બિનવારસી હાલતમાં મળી આવેલા અને તપાસ માટે જપ્ત કરેલા વાહનો પૈકી હજુ પણ જે વાહનોના કોઈ માલિક મળ્યા નથી તેવા વાહનોની જાહેર હરાજી ૨૬મી ડિસેમ્બરે પેથાપુર પોલીસ સ્ટેશન ખાતે યોજાશે. એક મારુતી એસ્ટીમ કાર તથા એક લ્યુના ઉપરાંત ૨૦ સાયકલોની હરાજી કરવામાં આવશે તેમ પેથાપુર પોલીસે જણાવ્યું છે.

ટુ વ્હીલરમાં એક અર્ધ બળેલુ લ્યુના તથા ૨૦ જુની તથા ભંગાર થઈ ગયેલી સાયકલો ઉપરાંત ફોર વ્હીલરમાં એસ્ટીમ ગાડીની હરાજી કરવામાં આવશે. વિવિધ સાયકલની રૂ. ૫૦થી માંડીને રૂ. ૬૦૦ સુધીની તળીયાની કિંમત નક્કી કરાયેલી છે. જયારે લ્યુના રૂ. ૨૦૦ અને એસ્ટીમ કાર રૂ. ૧૫ હજારની તળિયાની કિંમત નક્કી કરવામાં આવી છે. જાહેર હરાજીમાં ભાગ લેવા ઈચ્છતી વ્યકિતઓએ ૨૬ ડિસેમ્બરે બપોરે ૧૨ વાગ્યે પેથાપુર પોલીસ સ્ટેશન હાજર રહેવા પેથાપુર પી.એસ.આઈ. એસ.જે. વાઘેલાએ જણાવ્યું છે.

# પીડબલ્યુડી વિદ્યુત કર્મચારી મંડળની નવી કારોબારીની વરણી કરાઈ

પી.ડબલ્યુ.ડી. વિદ્યુત કર્મચારી મંડળની સાધારણ સભા તાજેતરમાં યોજાઈ હતી. જેમાં નવીન કારોબારીની રચના કરવામાં આવી હતી. આ કારોબારી સમિતિમાં પ્રમુખ પદે સુરેશભાઈ રાવલ, ઉપપ્રમુખ પદે રવિન્દ્રભાઈ મકવાણા, મહામંત્રી પદે રાજેશ પરીખ, ખજાનચી પદે કલ્પેશભાઈ પાંડોર તેમજ સહમંત્રી પદે કાંતિભાઈ ખરચરીયા, રાજેશ પટેલ અને કનુભાઈ ખરાડીની નિમણુંક કરાઈ હતી. આ ઉપરાંત કારોબારી સભ્યોમાં રાજેશભાઈ ભાવસાર, ડી.એમ. સોલંકી, એસ.ડી. પંચાલ, પ્રફુલ્લ પટેલ, ભરતભાઈ પટેલ, ગુલામ દસ્તગીર ચાવડા, રાજેશ રાણા અને શશીકાન્ત પટેલની વરણી કરવામાં આવી હતી.



સેકટર-૫/એ જય અંબે મંદિર ખાતે વિશિષ્ઠ બાળકોને ભોજન પીરસાયું હતું. ટ્રસ્ટ દ્વારા વિવિધ સેવાકીય પ્રવૃત્તિઓ ચાલી રહી છે ત્યારે પીડીતો અને વંચિતો માટે વિવિધ સેવાકાર્યના પ્રકલ્પો યોજાય છે.

# ગાંધીનગર-અમદાવાદના કેન્દ્રોમાં યોજાયેલી કારકુન પરીક્ષા હેતુ ઉમેદવારો ભોજન તથા મુસાફરી માટે ટળવળ્યાં

## અજાણ્યા પરીક્ષા કેન્દ્રો ઉપર પહોંચવા ઉમેદવારોને ઘરેથી વહેલાં નીકળી જવું પડયું, મુસાફરીનો પણ મોટો ખર્ચ થયો

ગાંધીનગર, તા. ૨૨

ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ ગાંધીનગર દ્વારા રવિવારે બિન સચિવાલય કારકુનની પરીક્ષાનું સમગ્ર રાજયમાં આયોજન થયું હતું. જેમાં ગાંધીનગર અને અમદાવાદના કેન્દ્રોમાં યોજાયેલી પરીક્ષા માટે ઉમેદવારોને ભારે તકલીફોનો સામનો કરવો પડયો હતો. ગાંધીનગર જિલ્લાના કેટલાક ઉમેદવારોનો અમદાવાદના કેન્દ્રોમાં પણ નંબર આવ્યો હતો. જેથી અજાણી શાળાના પરીક્ષા કેન્દ્ર ઉપર પહોંચવા ઉમેદવારો ભુખ્યા જ વહેલી સવારથી જ ઘરેથી નીકળી ગયા હતા ત્યારે ચોકકસ માર્ગદર્શિકા કે જાહેર પરિવહનની વ્યવસ્થાના અભાવે ઉમેદવારોને પરીક્ષા કેન્દ્ર ઉપર પહોંચવા મુસાફરીનો મોટો ખર્ચ પણ ભોગવવાનો વારો આવ્યો હતો જેથી તંત્રના સમય અને સુચકતા બાબતે ઉમેદવારોમાં ભારે નારાજગી વર્તાઈ હતી.

રાજયમાં અમદાવાદ અને ગાંધીનગરની નગર રચના વિશિષ્ટ પ્રકારની હોવાથી ચોકકસ નામ સરનામા વગર નિયત સ્થળે પહોંચી શકાતું નથી. જેમાં વળી ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળે રવિવારના રોજ બિન સચિવાલય કારકુનની પરીક્ષાનું આયોજન કરી ઉમેદવારોને ઓનલાઈન કોલ લેટર થકી પરીક્ષા કેન્દ્રો ઉપર અડધો કલાક પહેલાં હાજર થવા સુચન કર્યું હતું. જેથી ગાંધીનગરના ગ્રામ્ય વિસ્તારો તથા અમદાવાદના ગ્રામ્ય વિસ્તારોના ઉમેદવારોને એકબીજા વિરુધ્ધ પરીક્ષા કેન્દ્રો મળેલા હતા અને અજાણ્યા પરીક્ષા કેન્દ્રો ઉપર પહોંચવું એ જરુરી હતું જેથી ઘરેથી વહેલી સવારે જ નીકળી ગયા હતા. વધુમાં અમુક પરીક્ષા કેન્દ્રો ઉપર જવા માટે જાહેર પરિવહનની કોઈ જ વ્યવસ્થા ન હોવાથી ઉમેદવારો મોટો ખર્ચ કરી ખાનગી વાહનોમાં પરીક્ષા કેન્દ્રો ઉપર પહોંચ્યા હતા.

વધુમાં અમુક પરીક્ષા કેન્દ્રો ઉપર આજુબાજુ કે નજીકમાં કોઈ જ ચા-નાસ્તા માટેની દુકાન કે લારી પણ ન હોવાથી ઉમેદવારોએ ભુખ્યા પેટે પરીક્ષા આપી હતી. પસંદગી મંડળ દ્વારા સમયનો ખ્યાલ રખાયો હતો પરંતુ દુર દુરથી કેન્દ્રો ઉપર આવતા વિદ્યાર્થીઓના સમયનો ખ્યાલ રખાયો ન હતો જેથી ગ્રામ્ય વિસ્તારના ઉમેદવારો પરીક્ષાના કેન્દ્રની શોધમાં ભુખ્યા રહ્યા હતા અને મોડી સાંજે ઘરે પહોંચ્યા હતા. જેથી યોજાતી આ જાહેર પરીક્ષાઓમાં ઉમેદવારોના વતન નજીકનું કેન્દ્ર ફાળવવા ઉમેદવારોમાં તીવ્ર માંગ ઉભી થઈ હતી.

# વાઈબ્રન્ટ સમિટે ખ-૬ના કરૂણા અને ગ-૬ના સંસ્કાર સર્કલની કાયાપલટ કરી

## તંત્રની ઉપેક્ષાઓનો ભોગ બનેલા આ બે સર્કલની દશા સુધરતાં નામ પ્રમાણે ગુણ પ્રગટ થશે

ગાંધીનગર, તા. ૨૨

પાટનગરમાં જાન્યુઆરી-૨૦૧૫માં યોજાનાર વાઈબ્રન્ટ સમિટ અનુસંધાને નગરને ચારેબાજુથી શણગારાઈ રહ્યું છે. દેશ-વિદેશથી પધારનાર મહેમાનો રાજ્યની સાફ સુથરી છબી પોતાના મનમાં લઈને જાય તેવો શુભ હેતુ આ કાર્યવાહીમાં રહેલો છે. જો કે છેલ્લા ઘણા વર્ષોથી જે સ્મારકો અને સર્કલો તરફ તંત્ર બેધ્યાન હતુ તે આ વાઈબ્રન્ટ સમિટના કારણે તંત્રએ ધ્યાન લઈ તેને પણ નવા રૂપરંગ આપવાના શરૂ કરી દીધા છે. જેમાં ખ-૬ના કરૂણા અને ગ-૬ના સંસ્કાર સર્કલની પણ કાયાપલટ શરૂ થઈ ગઈ છે. જેથી નગરજનો આ વાઈબ્રન્ટ સમિટને આવકારીને આનંદ વ્યક્ત કરી રહ્યા છે.



ગાંધીનગર એકદમ નવા સાજ સજાવટ અને રૂપરંગ ધારણ કરી રહ્યું છે. નગરની અંદર અને ચારે બાજુ ઝીણીમાં ઝીણી બાબતને તંત્રએ મહત્વ આપી તેને પણ સુધારી લેતાં પાટનગર આકર્ષિત લાગી રહ્યું છે. જેમાં ખ-૬ ના કરૂણા સર્કલ અને ગ-૬ના સંસ્કાર સર્કલ પ્રત્યે તંત્ર ઘણા સમયથી ઓરમાયુ વર્તન રાખી રહ્યુ

● અનુસંધાન પાના - ૭ પર

# ભોળાભાઈ પટેલ કોલેજ ઓફ કોમ્પ્યુટર સ્ટડીસમાં માઈક્રોસોફ્ટ દ્વારા સેમિનાર યોજાયો

ગાંધીનગર, તા. ૨૨

કડી સર્વ વિશ્વ વિદ્યાલય સંચાલિત ભોળાભાઈ પટેલ કોલેજ ઓફ કમ્પ્યુટર સ્ટડીસ દ્વારા તા. ૨૦-૧૨-૧૪ના રોજ માઈક્રોસોફ્ટનો સેમિનાર વુમન ઈન ટચનું બપોરે ૧.૦૦ થી ૪.૦૦માં આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં માઈક્રોસોફ્ટ ઈનોવેશન સેંટર અને સ્ટુડન્ટ પાર્ટનર પ્રોગ્રામ, ઈન્ડિયાના મેનેજર મી. વિક્રાંત સત્સંગી અને માઈક્રોસોફ્ટ કોર્પોરેટ ટ્રેનર મી. પ્રબ્જોતસિંઘ બક્ષીએ બીબીએ તથા એમસીએની ૧૦૦ થી પણ વધારે ગર્લ્સ સ્ટુડન્ટસને આઈટી સેક્ટરમાં આગળ વધવાનું પ્રોત્સાહન આપેલ હતુ. સમગ્ર કાર્યક્રમના આયોજન માટે સંસ્થાના ડાયરેકટર કોર્ડિનેટર અને તમામ સ્ટાફ મિત્રોનો સહયોગ સાંપડ્યો હતો.

# આજે સે-૨-એમાં આનંદનો ગરબો

ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગરના સે-૨-એમાં પ્લોટ નં. ૧૨૩૧/૨ ખાતે કૈલાસબેન રાવલના નિવાસસ્થાને તા. ૨૩મી ડિસેમ્બર મંગળવારે ભાવનાબેન ગોકલાણીના કંઠે આનંદના ગરબાનું આયોજન કરવામાં આવ્યું છે. આ આનંદનો ગરબો બપોરે ૨.૩૦ થી ૬ વાગ્યા દરમિયાન યોજાશે. જેમાં ભાગ લેવા તમામ ભાવિક ભકતોને આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.



## ભાટના સર્વોદય વિદ્યામંદિર ખાતે વિદ્યાર્થીઓને સ્વેટરનું વિતરણ કરાયું

ગાંધીનગર તાલુકાના ભાટ ગામે આવેલ સર્વોદય વિદ્યામંદિર ખાતે તાજેતરમાં વિદ્યાર્થીઓને સ્વેટર વિતરણ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં માધ્યમિક શાળા, પ્રાથમિક શાળા અને હુડકો પ્રાથમિક શાળાને આવરી લેવાઈ હતી. આ કાર્યક્રમમાં ભાટ ગામના ડેપ્યુટી સરપંચ હર્ષદભાઈ પટેલ અને મુખ્ય દાતા મનીષભાઈ પટેલના હસ્તે વિદ્યાર્થીઓને સ્વેટરોનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ સ્વેટર વિતરણ માટે વિવિધ દાતાઓ જેવા કે મોટેરાના મનીષભાઈ પટેલ એન્ડ ગ્રુપ, રમીલાબેન અનુભાઈ પટેલ, હર્ષદભાઈ નારણભાઈ પટેલ, કનુભાઈ પશાભાઈ રાઠોડ, દિનેશભાઈ રોડ કોન્ટ્રાક્ટર, હિંમતભાઈ લાલભાઈ રાઠોડ, અરવિંદભાઈ શિવનારાયણભાઈ, જયભોલે સોસાયટીના અર્જુનભાઈ, અશોકભાઈ વિરમભાઈ ઠાકોર, મહેશભાઈ ડાહ્યાભાઈ રાવળ, અનમિલભાઈ શંકરભાઈ વાણિયા અને કાનજીભાઈ મગનભાઈ વાણિયાએ યથાશક્તિ દાન આપ્યું હતું. આ કાર્યક્રમમાં માધ્યમિક શાળાના આચાર્ય જે.જે. પટેલ, પ્રાથમિક શાળાના આચાર્યા સ્મિતાબેન, હુડકો ભાટ પ્રાથમિક શાળાના આચાર્યા રમીલાબેન તેમજ વિદ્યાર્થીઓના વાલીઓ પણ ઉપસ્થિત રહ્યા હતા.




## ગોવર્ધનનાથજી હવેલી ખાતે નિઃશુલ્ક મેડીકલ ચેક અપ કેમ્પ યોજાયો

ગાંધીનગરના સે-૨૧ ખાતે આવેલ ગોવર્ધનનાથજીની હવેલી મંદિર ખાતે તા. ૨૧મી ડિસેમ્બર રવિવારે મેડીકલ ચેક અપ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ચેક અપ કેમ્પમાં વિના મૂલ્યે ડાયાબીટીશ, બ્લડપ્રેશર, આંખ અને દાંતની તપાસ કરવામાં આવી હતી આ કેમ્પમાં કુલ ૧૨૫ વ્યકિતઓએ પોતાનું મેડીકલ ચેક અપ કરાવ્યું હતું જેમને તપાસ બાદ જરુરી માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ ચેકઅપ કેમ્પમાં ડૉ. તેજલ દલાલ, ડૉ. મનીષાબેન શુકલ, ડૉ. કૃતિબેન તેમજ તેમના સ્ટાફ દ્વારા સેવાઓ આપવામાં આવી હતી. આ કાર્યક્રમને સફળ બનાવવા ગાંધીનગર વૈષ્ણવ સમાજના પ્રમુખ ડી.એફ.શાહ, માનદ મંત્રી ચંદ્રકાન્ત અડાલજા, મંત્રી રસિકભાઈ ગાંધી અને જયેન્દ્ર પરીખ, હર્ષવર્ધન ગાંધી, યોગેશ ગાંધી, બેલા શાહ, જયંતિભાઈ પરીખ વગેરેએ યોગદાન આપ્યું હતું.

# અગિયાર ગોળ વણકર સમાજે નવીન બંધારણ બનાવ્યું

## સામાજિક કુરિવાજો અને ખોટા ખર્ચા બંધ કરવા સર્વાનુમતે નવુ બંધારણ બનાવાયું : બંધારણના અમલ માટેની ૨૨ સભ્યોની સંપર્ક કમિટિમાં ઝવેરભાઈ ચાવડાનો સમાવેશ

ગાંધીનગર, તા. ૨૨

અગિયાર ગોળ વણકર સમાજની બેઠક તાજેતરમાં મહેસાણા જિલ્લાના ખેરાલુ ખાતે મળી હતી. આ બેઠકમાં સમાજમાંપ્રવર્તમાન કુરિવાજોતથા ખોટા ખર્ચાને બંધ કરી સર્વને માન્ય બંધારણ સર્વાનુમતે ઘડવામાં આવ્યું હતું. આ અગિયાર ગોળ સમાજમાં વડગામ, ખેરાલુ, વડનગર, સતલાસણા, વિસનગર અને વિજાપુર તાલુકાના ગામોનો સમાવેશ થાય છે. જેના આગેવાનોએ બંધારણને આવકાર્યું હતું.

આ બંધારણનું ચુસ્તપણે અમલીકરણ થાય તે માટે દેખરેખ રાખવા સમાજના ૨૨ સભ્યોની સંપર્ક કમિટિ રચવાનું નિયત કરાયું હતું. આ કમિટિમાં બાવીસી વણકર સમાજ (ફનેહ દરવાજા) વતી નિવૃત કલેક્ટર ઝવેરભાઈ ચાવડાની પ્રતિનિધિ તરીકે નિમણુંક કરવામાં આવી હતી. તેમનો સમાજની સંપર્ક કમિટિમાં સભ્ય તરીકે સમાવેશ કરાયો હતો. તેમની આ નિમણૂંક માટે સમાજના સભ્યોએ અભિનંદન પાઠવ્યા હતા.

# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૭.૧૯
સૂર્યાસ્ત : ૫.૫૯

## તાપમાન

મહત્તમ : ૨૯.૫ ડિ.સે.
લઘુત્તમ : ૧૦.૮ ડિ.સે.

## ભેજનું પ્રમાણ

સવારે ૬૭ ટકા ● સાંજે ૪૬ ટકા

## મનોરંજન

**મૂવી પ્લેક્સ, કલોલ**

: સ્ક્રીન-૧ :
પી.કે. : ૧૦.૦૦, ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦
સ્ક્રીન-૨ :
પી.કે. : ૯.૦૦, ૧૨.૦૦, ૩.૦૦, ૬.૦૦, ૯.૦૦
સ્ક્રીન-૩ :
પી.કે. : ૧૧.૦૦, ૨.૦૦, ૫.૦૦, ૮.૦૦

**સીટી પલ્સ**

: સ્ક્રીન-૧ :
પી.કે. : ૧.૧૫, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૧૫
: સ્ક્રીન-૨ :
પી.કે. : ૧૨.૧૫, ૩.૧૫, ૬.૩૦, ૯.૩૦
: સ્ક્રીન-૩ :
પી.કે. : ૨.૧૫, ૫.૧૫, ૮.૧૫
: સ્ક્રીન-૪ :
પી.કે. : ૧૦.૦૦
એકશન જેકસન : ૩.૪૫, ૧૦.૦૦
લિંગા (તમીલ) : ૭.૦૦
: સ્ક્રીન-૫ :
પી.કે. : ૧૧.૧૫
: સ્ક્રીન-૬ :
પી.કે. : ૧૦.૦૦

**સિનેમેક્સ**

: સ્ક્રીન-૧ :
પી.કે. : ૯.૦૦, ૧૨.૨૦, ૩.૪૦, ૭.૦૦, ૧૦.૨૦
: સ્ક્રીન-૨ :
પી.કે. : ૧૧.૨૦, ૨.૪૦, ૬.૦૦, ૯.૨૦
સ્ક્રીન-૩ :
પી.કે. : ૯.૫૦, ૧.૦૦, ૪.૧૦, ૭.૩૦, ૧૦.૪૫
સ્ક્રીન-૪ :
પી.કે. : ૧૦.૪૦, ૨.૦૦, ૫.૨૦, ૮.૪૦

## આપની આજ

**મેષ** : આપનો પ્રબળ આત્મવિશ્વાસ અને દૃઢ નિશ્ચયથી મુશ્કેલ કાર્યોનો ઉકેલ મેળવી શકાય છે. કૌટુંબિક જીવનમાં તનાવ રહેવાની સંભાવના છે.

**વૃષભ** : જમીનના વ્યવસાય સાથે સંકળાયેલા માટે આજનો દિવસ શુભ બની રહેશે. જૂના કાર્યોનું પરિણામ મળશે. ઉદર વિકારને કારણે ખાનપાન પર સંયમ રાખવું.

**મિથુન** : આધ્યાત્મિક વ્યક્તિત્વના જાતકો માટે માન- સન્માન, લોકપ્રિયતામાં વૃદ્ધિના કાર્યો થઈ શકશે. વરિષ્ઠ ગુરુઓની કૃપા પ્રાપ્ત થશે. ઘરમાં મહેમાન આવવાની સંભાવના છે.

**કર્ક** : આપને કર્મક્ષેત્રમાં ગહન શોધ વગેરેના કાર્યો થવાની શકયતાઓ છે. આર્થિક ક્ષેત્રમાં લંબિત પ્રકરણોમાં સમય પસાર થઈ શકે છે.

**સિંહ** : ધર્મ આધ્યાત્મ, જ્ઞાન વૃદ્ધિના કાર્યોમાં સમય પસાર થઈ શકે છે. નીતિગત સમસ્યા, કોર્ટ- કચેરી સંબંધી વિવાદોને કારણે વિશેષ કાર્યોમાં સફળતા પ્રાપ્ત થઈ શકે છે.

**કન્યા** : કુટુંબમાં વડીલો સાથે વિવાદમાં ન પડવું. ઉચ્ચસ્તરીય ધાર્મિક કાર્યોનું આયોજન થઈ શકશે. પવિત્ર ધાર્મિક સ્થળોની યાત્રા-પ્રવાસનું આયોજન થશે.

**તુલા** : સામાજિક ક્ષેત્રોમાં, જ્ઞાન વર્ધક કાર્યોમાં ઉપસ્થિત રહેવું પડે તેવી પરીસ્થિતિ ઉભી થઈ શકે છે. મિત્રો તથા સગા-સ્નેહીજનો સાથે મુલાકાત થઈ શકશે. કૌટુંબિક સમસ્યાઓ દૂર થશે.

**વૃશ્ચિક** : ખાસ મહત્વનાં આર્થિક કાર્યોમાં ભાગ્યવર્ધક સફળતા પ્રાપ્ત થવાની સંભાવાનાઓ બની રહી છે. નાણાંકીય કાર્યોમાં વિશેષ યાત્રા- પ્રવાસનો યોગ બની રહ્યો છે.

**ધન** : કર્મક્ષેત્રમાં કોઈ શોધ દ્વારા સન્માન વૃદ્ધિનો યોગ બની રહ્યો છે. કર્મક્ષેત્રમાં ઉચ્ચસ્તરીય કાર્યોમાં સફળતા પ્રાપ્ત કરી શકશો. અપરણિતો માટે લગ્નના માંગા આવી શકે છે.

**મકર** : શિક્ષા, જ્ઞાન, આધ્યાત્મના કાર્યોમાં મન લાગશે. ધર્મ, માંગલિક કાર્યોમાં સંબંધીમાં ચિંતન થઈ શકશે. ધાર્મિક કાર્યોમાં વધુ સમય પસાર થશે. કુટુંબનો સાથ સહકાર મળી રહેશે.

**કુંભ** : શૈક્ષણિક ક્ષેત્રમાં આવનારી સમસ્યાઓને સંયમપૂર્વક ઉકેલવી યોગ્ય રહેશે. રાજકીય તથા સામાજિક ક્ષેત્રમાં પ્રતિષ્ઠામાં વૃદ્ધિ થવાનો યોગ બની રહ્યો છે.

**મીન** : આર્થિક વિવાદોને ઉકેલવામાં ભાગ્યવર્ધક સફળતા પ્રાપ્તિ થઈ શકશે. કર્મકાંડ આધ્યાત્મ સંબંધી કાર્યોમાં મન લાગશે. કૌટુંબિક પ્રશ્નોનું નિરાકરણ આવી શકે છે.

## ચિરવિદાય

- સ્વ. ઠાકોર પુનીતજી શનાજી (ઉ.વ. ૨૩) મુ. બાલવા, તા.કલોલ, જી. ગાંધીનગર
- સ્વ. જોઈતારામ અંલાલાલ ઠાકોર (ઉ.વ. ૨૨) મુ. બાલવા, તા. કલોલ, જી. ગાંધીનગર
- સ્વ. ઠાકોર કાળાજી ભૂપતાજી (ઉ.વ. ૮૫) મુ. શિહોલી મોટી, તા.જી. ગાંધીનગર
- બારોટ હરેશકુમાર સોમાભાઇ (ઉ.વ. ૪૨) ૨૦, નારાયણ નગર સોસાયટી, વાવોલ, તા.જી. ગાંધીનગર
- સ્વ. રાઈબેન ગોપાલભાઈ પટેલ (ઉ.વ. ૫૫) ૫૬૯, વાસ્તુનિર્માણ સોસાયટી, સે-૨૨, ગાંધીનગર